ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2398/05/2024** **તા.02-05-2024**

## "અબકી બાર...400 પાર.... ફીર એક બાર મોદી સરકાર"

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આંણદ ખાતે વિજય વિશ્વાસ સભા યોજી ભાજપના ઉમેદવારોને જીતાડવા અપીલ કરી.

----

**સરદાર સાહેબની ભૂમિમાથી જે હું શિખ્યો છું તે મને આજે દિલ્હીમાં દેશની સેવા કરવા કામ લાગે છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**મોદીની મજબૂત સરકાર ન નમે છે ન ઉભી રહે છે એટલે આજે દુનિયા કહી રહી છે કે દુનિયાના વિકાસને ભારત જ ગતી આપી શકે છે. -શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**મે દેશને ગેરંટી આપી છે 24*7 ... ફોર 2047, 140 કરોડ દેશવાસીઓના સ્વપ્નોને પુરા કરવા જનતાના આશિર્વાદ માંગવા આવ્યો છું. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**સરદાર પટેલની ભૂમિથી આવેલા દિકરાએ જમ્મુ કાશ્મિરમા કલમ 370ને રદ કરી સરદાર સાહેબને મોટી શ્રદ્ધાજંલી અર્પણ કરી. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**પાકિસ્તાન અને કોંગ્રેસની પાર્ટનરશિપ ખુલ્લી પડી છે, દેશના દુશ્મનોને ભારતમા મજબૂત સરકાર નહી કમજોર સરકાર જોઇએ છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**કોંગ્રેસના નેતાઓ શબ્દકોશ ખોલી મોદી માટે ગાળો શોધી રહ્યા છે.**
**– શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



**કોંગ્રેસ અને તેના નેતાઓ દેશને લેખિતમા ગેરંટી આપે કે સંવિધાન બદલીને ધર્મના આધાર પર મુસલમાનોને આરક્ષણ નહી આપે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**----**

**જે દેશ પહેલા આંતકવાદને એક્સપોર્ટ કરતુ તે આજે લોટ માટે ભટકી રહ્યુ છે. જેના હાથમા બોમ્બ ગોળા હતા તે હાથમા આજે વાટકી લઇ ભીખ માંગી રહ્યુ છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની જનતાની અપેક્ષા પુર્ણ કરવા કામ કર્યુ છે તેમજ દેશને સુરક્ષીત કરવા જે પગલા લીધા છે તે કામ પહેલાની કોઇ સરકારે કર્યુ નથી. – શ્રી સી.આર.પાટીલ**

**----**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ગુજરાત પ્રવાસનો બીજો દિવસ છે આજના દિવસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ચાર જાહેર સભા થકી 9 લોકસભા અને 3 વિધાનસભા મળીને 12 બેઠકો ના ઉમેદવારને જીતાડવા વિજય વિશ્વાસ સભા યોજશે જેમા પહેલી સભા આંણદ ખાતે યોજાઇ હતી. આ સભામા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, હું ગુજરાતમા ઘણા વર્ષો સુધી મુખ્યમંત્રી તરીકે આપની સેવા કરતો રહ્યો. આ પહેલા પણ પાર્ટીના સંગઠનના કામ માટે ગુજરાતમા અનેક વર્ષો સુધી કામ કર્યુ છે. ગુજરાતમા ચૂંટણી લડાવી પણ ખરી અને ચૂંટણી લડી પણ ખરી.સભાઓ પણ કરી અને રેલી પણ કરી પણ ગુજરાતમા 11 કે 12 વાગ્યા પહેલા સભા કરવી હોય તો લોઢાના ચણા ચાવવા જેવુ થાય પણ મારા માટે અચરજ છે કે આંણદે આજે

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**વિરાટ કેસરિયો સાગર છલકાવ્યો છે આણંદે બધા રેકોર્ડ તોડ્યા છે અને ચૂંટણીમા પણ આંણદ અને ખેડા બધા રેકોર્ડ તોડશે તેવો વિશ્વાસ છે.**

**શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, સરદાર સાહેબની ભૂમિમાથી જે હું શિખ્યો તે મને આજે દિલ્હીમા દેશની સેવા કરવા કામ લાગે છે.મારુ એક જ સ્વપ્ન છે કે 2047મા ભારત વિકસીત ભારત બને અને ગુજરાત પણ વિકસીત હોવુ જોઇએ આ માટે મારી પળે પળ આપના માટે,દેશના માટે છે. મે દેશને ગેરંટી આપી છે 24*7 ... ફોર 2047. 140 કરોડ દેશવાસીઓના સ્વપ્નોને પુરા કરવા મને જનતાના આશિર્વાદ જોઇએ છે. આખા દેશમાથી આશિર્વાદ મળે પણ સરદાર સાહેબની ભૂમિના આશિર્વાદ મળે ત્યારે ચાર ચાંદ લાગી જાય. હું ગુજરાતની ધરતી પાસે આશિર્વાદ માંગવા આવ્યો છું.**

**શ્રી મોદી સાહેબે કોંગ્રેસ પર શાબ્દિક પ્રહાર કરતા જણાવ્યું કે, દેશે વર્ષો સુધી કોંગ્રસનુ રાજ જોયુ છે અને દેશે દસ વર્ષ ભાજપાનુ સેવાકાળ પણ જોયુ છે તે શાસન કાળ હતુ આ સેવાકાળ છે. કોંગ્રેસના 60 વર્ષના શાસનમા 60 ટકા ગ્રામિણ વસ્તી પાસે શૌચાલયો નોહતા. દસ વર્ષમા ભાજપા સરકારે 100 ટકા શૌચાલયો બનાવ્યા છે. 60 વર્ષમા કોંગ્રેસ ફકત 3 કરોડ ગ્રામિણ ઘરોમા નળ સે જળ પહોંચાડી શકી પરંતુ ભાજપા સરકારે દસ વર્ષમા 14 કરોડ કરી એટલે કે 75 ટકા ઘરોમા નળથી જળ પહોંચાડવાનુ કામ કર્યુ આટલો મોટો ફરક કોંગ્રેસ અને ભાજપ સરકારમા છે. કોંગ્રેસે બેંકોનુ રાષ્ટ્રીયકરણ કર્યું, બેંકો પર કબ્જો કર્યો. મોદીએ દસ વર્ષમા 50 કરોડથી વધારે જનધન બેંક ખાતા ખોલાવ્યા.**

**શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, કોંગ્રેસના શહ્જાદા માથા પર સંવિધાન રાખી નાચી રહ્યા છે. કોંગ્રેસ જવાબ આપે કે.. શુ આ દેશમા 75 વર્ષ સુધી ભારતના બધા હિસ્સામા સંવિધાન લાગુ નોહતુ પડતુ મોદીના આવ્યા પહેલા બે સંવિધાન ચાલતા હતા. જમ્મુ કાશ્મિરમા સંવિધાન લાગુ નહોતુ થતું પણ આ સરદાર પટેલની ભૂમિથી આવેલા દિકરાએ કલમ 370ને રદ કરી સરદાર સાહેબને મોટી શ્રદ્ધાજંલી અર્પણ કરી. પાકિસ્તાનના આંતકનુ ટાયર પંચર થઇ ગયુ છે. જે દેશ પહેલા આંતકવાદને એક્સપોર્ટ કરતુ તે આજે લોટ માટે ભટકી રહ્યુ છે. જેના હાથમા બોમ્બ ગોળા હતા તે હાથમા આજે વાટકી લઇ ભીખ માંગી રહ્યુ છે. કોંગ્રેસની નબળી**

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સરકાર આંતકના આંકાઓને ડોઝીયર આપતી,મોદીની મજબૂત સરકારે આંતકીઓને ઘરમા ધૂસીને માર્યા છે. આજે કોંગ્રેસ ભારતમા કમોજર થઇ રહી છે,સુક્ષ્મદર્શક યંત્ર લઇને પણ કોંગ્રેસને ગોતવી મુશ્કેલ પડે છે. પાકિસ્તાન અને કોંગ્રેસની પાર્ટનરશિપ ખુલ્લી પડી છે. દેશના દુશ્મનોને ભારતમા મજબૂત સરકાર નહી કમજોર સરકાર જોઇએ છે.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, મોદીની મજબૂત સરકાર ન નમે છે ન ઉભી રહે છે એટલે આજે દુનિયા કહી રહી છે કે દુનિયાના વિકાસને ભારત જ ગતી આપી શકે છે. દુનિયામા ઝઘડો થાય તો ભારતને સમાધાન સ્તર માટે આશા રાખે છે. કોંગ્રેસના નેતાઓ શબ્દકોશ ખોલી મોદી માટે ગાળો શોધી રહ્યા છે. કોંગ્રેસ દેશમા ભાગલા પડાવવાનુ કામ કરી રહી છે. કોંગ્રેસ આજે ફેક ફેકટરી બની ગઇ છે. મોહબ્બતની દુકાન ખોલી કોંગ્રેસ જૂઠ્ઠાણાનો સામાન વહેંચી રહી છે. કોંગ્રેસના મેનિફેસ્ટો પર મુસ્લીમ લીગની છાપ છે. આઝાદી પછી કોંગ્રેસે ગરીબોને ચૂંટણીના એજેન્ડા તરીકે ઉપયોગ કર્યો પણ મોદીએ 25 કરોડ ગરીબોને ગરીબી રેખાથી ઉપર લાવવાનુ કામ કર્યુ છે. વર્ષોથી ઓબીસી સમાજ કહેતો કે બક્ષીપંચ આયોગને સંવિધાનીક દરજ્જો મળે પણ કોંગ્રેસે તેમનુ સાંભળ્યુ નહી અને 2014 પછી મોદીએ આ કામ કર્યું. આદિવાસી સમાજ માટે કોંગ્રેસે અલગ મંત્રાલય પણ ન બનાવ્યું . કોંગ્રેસની સૌથી મોટી વોંટબેંક માઇનોરીટીની રહી છે. મોદી આખા દેશમા ગેરંટી આપે છે કે, એસ.સી.,એસ.ટી,ઓબીસી અને સામાન્ય વર્ગના ગરીબ લોકોનુ આરક્ષણ જે સંવિધાન તરફથી મળ્યુ છે તે ધર્મના આધાર પર કોઇને પણ રદીભર હાથ લગાવવામા નહી આવવા દે. કોંગ્રેસને મારી 3 ચેલેન્જ છે. એક કોંગ્રેસ અને તેના નેતા દેશને લેખિતમા ગેરંટી આપે કે સંવિધાન બદલીને ધર્મના આધાર પર મુસલમાનોને આરક્ષણ નહી આપે, દેશમા ભાગલા પાડવાનુ કામ નહી કરે બે,કોંગ્રેસ દેશને લેખિતમા આપે કે એસ.સી.,એસ.ટી,ઓબીસીને મળતા આરક્ષણનો અધિકાર નહી લે. ત્રીજી કોંગ્રેસ દેશને લેખિતમા ગેરંટી આપે કે જે રાજયોમા કોંગ્રેસ અને તેના સાથીઓની સરકાર છે તે ક્યારેય વોટબેંકની ગંદી રાજનીતી નહી કરે. મતદાન દિવસે ગમે તેટલી ગરમી હોય પણ મતદાન કરવા ચોક્કસ જવા વિનંતી. આપણે બધા પોલીંગ બુથ જીતવાના છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની જનતાની અપેક્ષા પુર્ણ કરવા કામ કર્યુ છે તેમજ દેશને સુરક્ષીત કરવા જે પગલા લીધા છે તે પહેલાની કોઇ સરકારે કર્યુ નથી. આજે યુદ્ધના વિમાનો,ટેન્ક,હેલીકોપ્ટર ભારતમા બને તે માટે મોદી સાહેબે પ્રયાસ કર્યા છે જેથી યુદ્ધ સમયે બીજા દેશ પર નિર્ભર ન રહેવુ પડે. ગુજરાતમા ડબલ એન્જિનની સરકાર છે.

આ કાર્યક્રમમા લોકસભા અને વિધાનસભાના ઉમેદવારશ્રી, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારસભ્યશ્રીઓ અને પ્રદેશ અને જીલ્લાના હોદ્દેદારશ્રીઓ તેમજ મોટી સંખ્યામા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)